# આપના અધિકારો અંગે સ્પષ્ટતા

**જો આપની અટકાયત કરવામાં ન આવી હોય અને શકમંદ તરીકે પ્રશ્નો કરવામાં આવી રહ્યા હોય.**



## 1. વકીલ સાથે ખાનગી સલાહમસલત અને ઈન્ટરવ્યુ દરમિયાન કાનૂની સહાયનો અધિકાર

A. ક્યારે?

- આપને ઈન્ટરવ્યુ પહેલા અને વકીલ સાથે ખાનગી સલાહમસલતનો અને ઈન્ટરવ્યુ દરમિયાન કાનૂની સહાયનો અધિકાર છે.
- જો ની જેલ માટે સજાને પાત્ર અપરાધો માટે આપનો ઈન્ટરવ્યુ કરવામાં આવી રહ્યો હોય, C. હેઠળ સ્થાપિત કાર્યપ્રણાલી લાગુ પડશે.

B. ક્યા વકીલ?

- આપ આપની પસંદગીના વકીલ સાથે સલાહમસલત કરવા માટે મુક્ત છો.
- આપ કેટલીક કાનૂની શરતોને આધીન રહીને કાનૂની સહાય સિસ્ટમ હેઠળ વકીલ બોલાવી શકો છો, જે સંપૂર્ણપણે અથવા આંશિક રીતે મફત છે. જેમાં કાનૂની સહાય માટેની શરતો દર્શાવવામાં આવી હોય તે ફોર્મ આપ માંગી શકો છો. ત્યારબાદ આપ બાર એસોસિએશનની કાનૂની સહાય ઓફીસને વકીલ નિયુક્ત કરવા માટે વિનંતી કરી શકો છો.

C. ખાનગી સલાહમસલત કેવી રીતે થાય છે?

જો આપને સંખ્યા 1 થી 4 હેઠળ દર્શાવેલ અધિકારોની યાદી ધરાવતું અને ઈન્ટરવ્યુમાં હાજરી આપતા પહેલા આપે વકીલ સાથે સલાહમસલત કરી લીધી છે તેમ માની લેવામાં આવ્યું હોય તે દર્શાવતું લેખિત આમંત્રણ મોકલવામાં આવ્યું હોય:

- આપને હજુ વધુ મોકુફીની મંજૂરી આપવામાં નહિ આવે કારણકે આપની પાસે પહેલેથી જ વકીલ સાથે સલાહમસલત કરવાની તક હતી.
- જો આપને આપના વકીલ દ્વારા સહાય ન જોઈતી હોય તો ઈન્ટરવ્યુ શરૂ થયા પહેલા આપને આપના મૌન રહેવાના અધિકાર અંગે અનિવાર્યપણે સલાહ મળેલી હોવી જોઈએ.પોઈન્ટ 3 પર જુઓ)

જો આપને લેખિત આમંત્રણ મોકલવામાં ન આવ્યું હોય અથવા અપૂર્ણ આમંત્રણ મોકલવામાં આવ્યું હોય તો:

- આપ માત્ર એક જ પ્રસંગે ઈન્ટરવ્યુ પછીની તારીખે અથવા સમયે મુલતવી રાખવાનું કહી શકો જેથી આપ વકીલની સાથે સલાહમસલત કરી શકો.
- આપ ટેલિફોન પર આપના વકીલ સાથે વાત કરવાની પસંદગી કરવા માટે મુક્ત છો જે પછી ઈન્ટરવ્યુ શરૂ થઈ શકે છે.

આપ ઈન્ટરવ્યુ સ્થળ પર આપના વકીલના આગમનની રાહ જોઈ શકો છો.

D. ઈન્ટરવ્યુ દરમિયાન કાનૂની સહાય

આપના વકીલ સુનિશ્ચિત કરશે:

- કે આપનો મૌન રહેવાનો અધિકાર અને પોતાને આરોપી નહિ ઠેરવવાના આપના અધિકારને જાળવવામાં આવે.
- ઈન્ટરવ્યુ દરમિયાન આપની સાથે જે રીતે વર્તન કરવામાં આવે છે, આપને અનુચિત દબાણ હેઠળ મૂકવામાં આવે છે કે નહિ;
- એ હકીકત કે આપને આપના અધિકારો સમજાવવામાં આવ્યા હોય અને ઈન્ટરવ્યુની નિયમિતતા જાળવવામાં આવી હોય.

જો આપના વકીલને આમાંની કોઈપણ બાબતો અંગે ટીકા-ટિપ્પણીઓ હોય તો તેઓ પોલીસ ઈન્ટરવ્યુ નિવેદનમાં તેની તાત્કાલિક નોંધ કરાવી શકે છે. આપના વકીલ માંગ કરી શકે કે ચોક્કસ પૂછપરછ કરવામાં આવે અથવા ચોક્કસ વ્યક્તિ દ્વારા ઈન્ટરવ્યુ કરવામાં આવે. પૂછવામાં આવતા પ્રશ્નો અંગે તેઓ ખુલાસો માંગી શકે છે. તેઓ તપાસ અંગે અને ઈન્ટરવ્યુ અંગે ટિપ્પણીઓ આગળ ધરી શકે છે. તેમને આપની જગ્યાએ જવાબ આપવાની અથવા ઈન્ટરવ્યુ અવરોધવાની પરવાનગી નથી.

# આપના અધિકારો અંગે સ્પષ્ટતા

**જો આપની અટકાયત કરવામાં ન આવી હોય અને શકમંદ તરીકે પ્રશ્નો કરવામાં આવી રહ્યા હોય.**



E. અધિકાર જતો કરવો?

આપ વકીલની સાથે સલાહમસલતની અથવા સહાય માટેની વિનંતી કરવા માટે બંધાયેલા નથી.

આપ સ્વેચ્છાએ અને યોગ્ય વિચારણા બાદ આ અધિકાર જતો કરી શકો છો, જો આપ;

- કાનૂની વય ધરાવતા હોવ;
- આ અંગેના દસ્તાવેજમાં આપે સહી કરી અને તારીખ નાંખી હોય તે પછી

**2. અપરાધોનો સારાંશ જણાવવો**

- જે અપરાધો પર આપનો ઈન્ટરવ્યુ લેવામાં આવી રહ્યો હોય તે વિશે આપને જાણ હોવાનો અધિકાર છે.

**3. મૌન રહેવાનો અધિકાર**

- કોઈપણ સમયે પોતાને આરોપી ઠેરવવાનું આપને દબાણ કરી શકાતું નથી.
- આપની ઓળખ જણાવ્યા બાદ આપ નિવેદન આપવાનું, પૂછવામાં આવેલા પ્રશ્નોના જવાબ આપવાનું અથવા મૌન રહેવાનું પસંદ કરી શકો છો.

**4. ઈન્ટરવ્યુ દરમિયાન અન્ય અધિકારો**

ઈન્ટરવ્યુ ઘણી બધી વાતચીતોથી શરૂ થાય છે. અપરાધોના સારાંશની વાતચીતના અને આપના મૌન રહેવાના અધિકારના પુનરાવર્તન બાદ વધુમાં તમને જણાવવામાં આવશે કે:

- પૂછવામાં આવેલ તમામ પ્રશ્નો અને આપના દ્વારા આપવામાં આવેલ તમામ જવાબોની આપે ઉપયોગ કરેલ શબ્દોમાં નોંધ કરવાની આપ વિનંતી કરી શકો છો;
- આપ માંગ કરી શકો કે ચોક્કસ પૂછપરછ કરવામાં આવે અથવા ચોક્કસ વ્યક્તિ દ્વારા ઈન્ટરવ્યુ કરવામાં આવે;
- આપે કરેલ નિવેદનો કાયદાની અદાલત સમક્ષ પૂરાવામાં ઉપયોગ કરવામાં આવી શકે છે.
- આપ ધરપકડ હેઠળ નથી અને કોઈપણ સમયે આપ ઈચ્છો ત્યારે જઈ શકો છો.
- તેને પરિણામે ઈન્ટરવ્યુમાં વિલંબ ન થતો હોય ત્યાં સુધી ઈન્ટરવ્યુ દરમિયાન આપ આપના કબજામાં રહેલા દસ્તાવેજોનો ઉપયોગ કરી શકો છો. ઈન્ટરવ્યુ દરમિયાન અથવા પછી આ દસ્તાવેજોને પોલીસ ઈન્ટરવ્યુ નિવેદનમાં ઉમેરવા માટે અથવા કોર્ટ નોંધણીકચેરીમાં જમા કરાવવાની આપ માંગ કરી શકો છો.

**5. ઈન્ટરવ્યુને અંતે**

ઈન્ટરવ્યુને અંતે ઈન્ટરવ્યુનું લખાણ આપને વાંચવા માટે આપવામાં આવશે. તે આપને વાંચી સંભળાવવામાં આવે તેવી માંગ પણ આપ કરી શકો છો.

આપ આપના નિવેદનમાં કોઈ ફેરફાર અથવા ઉમેરો કરવા માંગો છો કે કેમ તે અંગે આપને પૂછવામાં આવશે.

**6. દુભાષિયાની મદદ અને અનુવાદનો અધિકાર**

- જો તમે ભાષા સમજવા અથવા બોલવા માટે સક્ષમ ન હોય અથવા જો તમે સાંભળવા અથવા બોલવામાં મુશ્કેલી પડતી હોય તો તમે મુલાકાત દરમિયાન અધિકૃત દુભાષિયાની મદદ માટે કહી શકશો. આ મદદ વિના મૂલ્ય છે.
- તમે તમારી પોતાની ભાષામાં નિવેદન લખવા માટે પણ કહી શકો છો.
- જો તમે પ્રક્રિયા માટેની ભાષાને સમજવા માટે સક્ષમ નથી તો તમે ધરપકડના વોરન્ટની સંબંધિત બાબતનું અનુવાદ કરવાનો અધિકાર ધરાવો છો. તમે આ સમન્સ તથા કોર્ટના ચુકેદાને તમે સમજી શકો તે ભાષામાં અનુવાદ કરવાનો અધિકાર ધરાવો છો. આ મદદ વિના મૂલ્યે છે.

**આપના અધિકારોની આ સ્પષ્ટતા આપ આપની પાસે રાખી શકો છો.**